| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૪/૦૫/૨૦૨૨ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૯૨૧/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**

**તા.૨૩/૦૫/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ. નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૮ | ૦ | ૧૩૮ | ૪૧૬ | ૦ | ૪૧૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૧ | ૦ | ૧૦૦૬૯૧ | ૧૦૯૫૯૪ | ૦ | ૧૦૯૫૯૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪ | ૪,33,000/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 00 | 00/- |

# <u>પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન</u>

## <u>"સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાથી બનાવટી નંબર પ્લેટ વાળી ક્રેટા કારમાથી વિદેશી દારુની બોટલો,પાઉચ તથા બીયર નંગ-૧૦૯૦ કિ.રૂ.૧,૨૩,૧૪૧/ મળી કુલ્લે રુપિયા ૬,૩૯,૧૪૧/ ના મુદામાલ સાથે બે આરોપીઓ ને ઝડપી પાડતી પી.સી.બી."</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ તા.૨૩.૦૫.૨૦૨૨ ના રોજ સ્ટાફના પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ, મ.સ.ઈ.વિષ્ણુભાઈ ગોપાલદાસ બ.ન.૩૭૪૪, અ.હે.કો.હિમ્મતસિંહ રણજીતસિહ બ.ન.૩૭૮૧, અ.હે.કો. તુષારદાન ભરતદાન બ.ન.૪૩૬૧, અ.હે.કો.નૌશાદઅલી ઉસ્માનમીયા બ.ન.૯૬૪૩, અ.હે.કો.ઈન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૬૮, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અ.હે.કો.અનિરુધ્ધસિંહ ધીરુભાઈ, અ.પો.કો.પ્રવિણસિહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન અ.પો.કો.પ્રવિણસિહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭ તથા અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧ મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે એસ.જી.હાઈવે ગોતા બ્રિજ ઉતરતા સરખેજ તરફ જવાના રોડ ઉપર બનાવટી નંબર પ્લેટ વાળી ક્રેટા કાર માથી વિદેશી દારૂની સીલબંધ બોટલો, પાઉચ તથા ટીન બીયર મળી કુલ્લે નંગ ૧૦૯૦ કિ.રૂ.૧,૨૩,૧૪૧/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૬,૩૯,૧૪૧/- ના મુદામાલ સાથે દારુની હેરાફેરી કરતા બે ઈસમોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી સોલા હાઈકોર્ટ પો.સ્ટે. ખાતે એ પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૪૫૨૨૦૫૯૩/૨૦૨૨ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી), ૮૧ તથા ઈ.પી.કો. કલમ ૪૬૫,૪૬૮,૪૭૧,૧૧૪ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

### <u>પકડાયેલ આરોપીઓ:</u>

(૧)વાસુગીરી ચતુરગીરી ગોસ્વામી ઉ.વ.૫૧ રહે.એ/૧૨, પુષ્કર સીટી, હાથીજણ સર્કલ, વિવેકાનંદનગર, અમદાવાદ શહેર (૨) નીલેશકુમાર રાજેન્દ્રભાઈ પંડયા ઉ.વ.૪૦ રહે.મ.ન.૩૩ રામનગર સોસાયટી, ગામ-નાંદેજ બારેજડી, તા.દ્રસ્કોઈ, જીલ્લો- અમદાવાદ

### <u>વોન્ટેડ આરોપીઓ :</u>

(૧) વિષ્ણુભાઈ રહે.ગામ મેથીપુરા, તા.દાતીવાડા જીલ્લો બનાસકાંઠા (પ્રોહીનો જથ્થો આપનાર)
(૨) સંજય રહે.આંણદ (પ્રોહીનો જથ્થો મંગાવનાર) (૩) અજય રહે. નડીયાદ (ક્રેટા કારમા બનાવટી નંબર પ્લેટ લગાવવામા મદદગારી કરનાર)

## ગુનાની જગ્યા :

એસ.જી.હાઈવે ગોતા બ્રીજ ઉતરતા સરખેજ તરફ જતા જાહેર રોડ ઉપર

## પકડાયેલ મુદામાલ :

(૧) ભારતીય બનાવટના વિદેશી દારુની સીલબંધ બોટલો, પાઉચ તથા બીયર મળી નંગ ૧૦૯૦ કિ.રૂ.૧,૨૩,૧૪૧/- (૨) મોબાઈલ ફોન નંગ ૨ કિ.રૂ.૧૫,૦૦૦/ (૩) રોકડા નાણા રૂ.૧૦૦૦/ (૪) ક્રેટા કાર કિ.રૂ.૫Ê૦૦Ê૦૦૦/ તથા અન્ય મળી કુલ્લે રુપિયા ૬,૩૯,૧૪૧/ ની મત્તાનો મુદામાલ



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૨૨/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૪ કેસ કરી, ૬૯ વ્યક્તિઓને ઝડપી, ૫૩૩ લીટર દેશી દારૂ, ૮૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮૯ બિયર ટીન, ૧ સ્કુટર અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૨૩/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૯૨૪/૨૦૨૨

**નારોલઃ** સુર્યકાંતભાઈ મણિભાઈ પરમાર (ઉ.વ.૫૬)(રહે.ઈન્દીરાનગર વિભાગ-૦૨. જૈન દેરાસરની બાજુમાં લાંભા) એ તા.૨૩/૦૫/૨૦૨૨ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૦/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નારોલ અટલબિહારી બાજપાઈ સર્કલ પાસે આવેલ “નંદનવન હાઈટસ” ખાતે આરોપી (૧)દિપાલીબહેન તેજસભાઈ પટેલ (ઓફિસ નંબર-૩૭ નંદનવન હાઈટસ અટલ બિહારી બાજપાઈ સર્કલ પાસે નારોલ તથા આદર્શ સોસાયટી શેરી નં.૦૨ ખોડીયાર મંદિર પાછળ જામનગર) (૨) ગંભીરભાઈ બળદેવભાઈ ડાભી (રહે.નારાયણ રેસીડેન્સી ધોળકા કાવીઠા રોડ બાવળા) (૩) પ્રતિકકુમાર સુરેશકુમાર કેજરીવાલ (રહે.આશિગ્રીન સ્કેપ પ્રા.લિ. બાલાજી હાઈટસ સી.જી.રોડ નવરંગપુરા) (૪) હાર્દિકભાઈ ડોડીયા (૫) સદ્દામહુસૈન મન્સુરી તથા તેમના મળતીયા માણસોએ ભેગામળી અલગ-અલગ ફલેટોના સ્કીમની લોભામણી જાહેરાતો બતાવી, ફલેટોનુ બુકીંગ કરી બુકીંગ પેટે રૂપિયા ૧,૧૧,૦૦૦/- મેળવી લઇ ફલેટનો કબ્જો કે ચુકવેલ નાણા આજદીન સુધી પરત નહી આપી તેમજ અન્ય ગ્રાહકોના રૂપિયા ૫૪,૪૦,૧૦૦/- મળી કુલ રૂપિયા ૫૫,૫૧,૧૦૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

**નારણપુરાઃ** ડૉ.પાર્થભાઇ રામકુમાર (ઉ.વ.૩૬) (રહે. શ્રદ્ધા સોસાયટી ધરતી વિકાસ મંડળ પાસે નારણપુરા) એ તા.૨૩/૦૫/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ડૉ.પાર્થભાઇ મેમનગર લોયલા સ્કૂલ પાસે શ્યામસુંદર એવન્યુ ક્લીનીક પ્રાઈમ ડેન્ટલ કેર ધરાવતા હોઈ તા.૧૮/૦૫/૨૦૨૨ રાતના ૮/૪૫ થી ૮/૫૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ડૉ.પાર્થભાઇના મોબાઇલ નંબર ઉપર મોબાઈલ નંબર ૮૫૧૫૦૪૬૫૦૨ અને ૬૩૭૨૮૯૩૦૨૭ ધારકોએ ફોન કરી આર્મી માંથી વાત કરતા હોવાની ઓળખ આપી ૩૦૦ જવાનોનુ ડેન્ટલ ચેક અપ કરવાનુ જણાવી તે પેટે ખર્ચની જાણકારી મેળવી જે ખર્ચ પેટે નાણા ચુકવવા ઇનટરનેટના મધ્યમથી ચુકવણી કરવાનુ જણાવી ઓનલાઈન પ્રોસેસ કરાવી ડૉ.પાર્થભાઈના કાર્ડથી તેઓના ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરવાનુ જણાવી પરત મળવાની ખાત્રી આપતા ડૉ.પાર્થભાઈએ તેઓના ખાતામાં પૈસા ટ્રાન્સફર કર્યા હતા. તેમ છતા પૈસા ટ્રાન્સફર થયા નથી તેમ જણાવી જુદા-જુદા ખાતામાં કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.દરબાર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૯૨૫/૨૦૨૨**

**ચાંદખેડાઃ** ભરતભાઇ કનુભાઇ સરવૈયા (રહે. અશ્વર્યા-૩ બંગ્લોઝ ટી.પી-૪૪ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૫/૨૦૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૨૩/૦૫/૨૦૨૨ કલાક ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૦,૪૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**નરોડાઃ** મંદાકીનીબહેન તે યુવરાજ પ્રભાકર ટોકે નાઓની વિધવા (ઉ.વ.૫૬) (રહે. નિલકંઠ હાઇટ્સ હંસપુરાગામ દહેગામ રોડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૫/૨૦૨૨ કલાક ૮/૦૦ થી કલાક ૧૨/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા દહેગામ રોડ હંસપુરા ખાતે આવેલ નિલકંઠ હાઇટ્સ ખાતે પોતાના મકાન નંબર એ/૫૦૩ તેમજ મકાન નં.-એ/૫૦૧, એ/૫૦૨, એ/૫૦૪ તેમજ એ/૪૦૨ ના દરવાજાના નકુચા તોડી મકાનોમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીઓમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૬,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૨૬/૨૦૨૨**

**બાપુનગરઃ** નિતીનકુમાર દશરથલાલ બ્રહ્મભટ્ટ (રહે.અંજના સોસાયટી ઇન્ડિયા કોલોની બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૫/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પાર્ક કરેલ પોતાના સ્કુટરની ડેકીમાંથી રોકડ રૂપિયા ૩,૩૪,૪૦૦/- ત્રણ પુરૂષો ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૨૭/૨૦૨૨**

**“કે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** એજાજ ફિરોજભાઈ શેખ (ઉ.વ.૨૨) (રહે. બ્લોક નંબર-૮ પરિક્ષીતલાલનગર કબાડી નંબર-૩ સામે બહેરામપુરા) તા.૨૩/૫/૨૦૨૨ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પિરાણા પિપળજ રોડ બાલાજી પેટ્રોલપંપ સામેથી સ્કુટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે કન્ટેનર નંબર એમએચ ૦૪ જીસી ૨૮૩૨ ના ચાલકે કન્ટેનર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સ્કુટરને ટક્કર મારતા એજાજ શેખને ગંભીર ઈજાઓ થતા તેમનું સ્થળ ઉપર જ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ રિયાઝઅહમદ શેખે “કે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૨૮/૨૦૨૨**

**નવરંગપુરાઃ** નવરંગપુરા ફેમીલી કોર્ટ પાસે ઈન્કમટેક્ષ લોહાભવનની સિક્યુરીટી કેબીન ખાતે રહેતા શિવમ નૌતમ ઉપાધ્યાય (ઉ.વ.૧૮)(મુળ વતન. ગામ-ખુમાનપુર તા-અત્તારા જી-બાંડા ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૫/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે સિક્યુરીટી કેબીનમા ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સજુભાઈ નારણભાઈ ચલાવે છે.

**વેજલપુરઃ** બી ખાશોરાય લાલથંગ લીબાના આપેટો (ઉ.વ.૨૦)(રહે.સુબો સેન્ટ્રલ મોલ, બોપલ મુળ વતન. સારાપરા ધાંચી રામપરા દશહા ત્રીપુરા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૫/૨૦૨૨ રાતના ૧૧/૪૫ થી તા.૨૩/૦૫/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન વેજલપુર રોડ સોનલ સીનેમા શ્રીનંદનગર વિભાગ-૦૪ ખાતે રહેતા પોતાના મીત્રના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેશકુમાર સ્વરૂપસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.